# ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,
## ગાંધીનગર





**શ્રી વિજયભાઈ રૂપાણી**
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

**શ્રી નીતિનભાઈ પટેલ**
માન.નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



**શ્રી ઈશ્વરભાઈ આર. પરમાર**
માન. મંત્રીશ્રી
સામાજિક ન્યાય અને
અધિકારિતા વિભાગ



**શ્રી વાસણભાઈ આહીર**
માન. મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)
સામાજિક, શૈક્ષણિક રીતે
પછાત વર્ગોનું કલ્યાણ



**શ્રી નરેન્દ્રભાઈ એમ. સોલંકી**
માન. અધ્યક્ષશ્રી

## ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ

બ્લોક નં. ૧૧, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર -૩૮૨૦૧૦
ફોન નં. : (૦૭૯) ૨૩૨૫૭૫૫૯, ૨૩૨૫૭૫૫૮, ૨૩૨૫૭૫૫૬. ફેક્સ નં. : (૦૭૯) ૨૩૨૨૧૩૨૪
વેબસાઈટ : http://sje.gujarat.gov.in/gbcdc

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળનું જાહેર સાહસ છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જાતિઓના સર્વાંગી ઉત્કર્ષ માટે આ નિગમની રચના તા.૦૬-૦૧-૧૯૮૭ના રોજ થયેલ છે.

રાજ્ય સરકાર અને ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ, **(National Backward Classes Finance & Development Corporation)** નવી દિલ્હીની સ્ટેટ ચેનલાઈઝીંગ એજન્સી તરીકે આ નિગમ દ્વારા સીધા ધિરાણની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે.

સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત જાતિના જરૂરિયાતમંદ લોકો સ્વમાનભેર સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બની જીવનમાં ઉન્નતિ કરી શકે તે ઉદ્દેશથી આ નિગમ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ લોન આપવામાં આવે છે. આ યોજનાઓ માટે વર્ષ ૧૯૯૭-૯૮ થી શરૂ કરીને વર્ષ ૨૦૧૬-૧૭ સુધીમાં કુલ ૧૧૯૦૫ જેટલા લાભાર્થીઓને રૂા. ૧૦૯૩૬.૬૮ લાખ જેટલું લોન ધિરાણ આપવામાં આવ્યું છે. ગુજરાત પછાત વર્ગ જાતિના વિદ્યાર્થીઓ વધુ સંખ્યામાં શિક્ષણની યોજનાનો લાભ લઈને ઉચ્ચ શિક્ષણ મેળવી વિવિધક્ષેત્રમાં સફળતા હાંસલ કરે તે માટે આ નિગમ કટિબધ્ધ છે.

નિગમની યોજનાઓના અમલીકરણ માટે સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.)ને ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના જીલ્લા મેનેજર તરીકે નિયુક્ત કરેલ છે. યોજનાઓની વધુ જાણકારી માટે નિગમ અથવા જિલ્લા મેનેજરશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

નિગમની યોજનાઓની બહોળી પ્રસિદ્ધિ થાય અને જરૂરિયાતવાળા લાભાર્થીઓ તેનો લાભ લે તેવી આશા રાખીએ છીએ.

**જી.સી. અલગોતર**
**મેનેજીંગ ડીરેક્ટર**

**નરેન્દ્રભાઈ એમ. સોલંકી**
**અધ્યક્ષ**

## રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય પછાત વર્ગો નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીના સહયોગથી લોન ધિરાણની યોજનાઓ

### લોન મેળવવાની પાત્રતાના મુખ્ય ધોરણો :

૧. અરજદાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી પછાત વર્ગ જાતિના હોવા જોઈએ. (જે જાતિ/જ્ઞાતિ માટે અલગ નિગમ નિમાયેલ છે તેનો અત્રે સમાવેશ થતો નથી.)

૨. અરજદારના કુટુંબની કુલ વાર્ષિક આવક - ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૯૮,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- થી વધુ ન હોવી જોઈએ.

૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૨૧ થી ૪૫ વર્ષ

### અન્ય જરૂરી બાબતો :

(૧) જાતિ પ્રમાણપત્ર, લીવીંગ સર્ટીફીકેટ, આવકનું પ્રમાણપત્ર, યોગ્ય જામીન, બોજા નોંધ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો.

(૨) તાંત્રિક અને કુશળતા ધરાવતા ધંધા વ્યવસ્થા માટે લોન મેળવવા અનુભવ હોવો જરૂરી.

(૩) લોનની રકમ વ્યાજ સહિત માસિક ૪૮/૬૦ સરખા હપ્તામાં નિયમિત રીતે ભરપાઈ કરવાની રહેશે.

(૪) વિવિધ યોજનાઓમાં રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ, તરફથી નાણાંકીય ઉપલબ્ધતા, નીતિ-નિયમો અને આ નિગમના નિયમો ધ્યાનમાં લઈને લોન મંજૂર કરવામાં આવશે.

### (૧) મુદ્દતી લોન (ટર્મ લોન) :

(૧) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ

(૨) લઘુ ઉદ્યોગ, કારીગરી અને પરંપરાગત ધંધા / વ્યવસાય

(૩) સેવાકીય ધંધા / વ્યવસાય

(૪) પરિવહન સેકટર

- **મુખ્ય લાક્ષણિકતાઓ :**

(૧) લોનની મહત્તમ મર્યાદા રૂા. ૧૦ લાખ સુધી.

(૨) રૂા. ૫.૦૦ લાખની રકમ સુધી વાર્ષિક વ્યાજદર ૬% વાર્ષિક તેથી વધુ માટે ૭%.

(૩) લોનની રકમ ૮૫%, સામાન ફાળો ૧૦% અને ૫% લાભાર્થી ફાળો.

(૪) લઘુ ધિરાણ યોજના (માઈક્રો ફાઈનાન્સ) નાના પાયા પર ધંધો / વ્યવસાય શરૂ કરવા માટે સ્વસહાય જૂથો મારફતે લોન આપવામાં આવે છે.

## (૨) લઘુ ધિરાણ યોજના (માઈક્રો ફાઈનાન્સ) :

(૧) નાના પાયા પર ધંધો / વ્યવસાય શરૂ કરવા માટે સ્વસહાય જૂથો મારફતે લોન આપવામાં આવે છે.

- **મુખ્ય લાક્ષણિકતાઓ :**

(૧) લોનની મહત્તમ મર્યાદા રૂા. ૫૦ હજાર (વ્યક્તિદીઠ).

(૨) મહત્તમ ૨૦ વ્યક્તિઓનું જૂથ બનાવવાનું રહેશે. જેમાં ૨૫% એસ. સી. અને વિકલાંગો સહિતના અન્ય નબળા વર્ગોની વ્યક્તિઓ હોવી જોઈએ.

(૩) વ્યાજનો દર વાર્ષિક દર ૫%.

(૪) લોનની રકમ ૯૫% અને ૫% લાભાર્થી ફાળો.

## (૩) મહિલા સમૃધ્ધિ યોજના (લઘુ ધિરાણ યોજના) :

મહિલાઓ માટે નાના ઉદ્યોગ ધંધાની જરૂરિયાતો પુરી પાડવા માટે સ્વરોજગારી ઉભી કરવા માટે સ્વસહાય જૂથની મહિલા માટે લઘુ ધિરાણ યોજના.

- **મુખ્ય લાક્ષણિકતાઓ :**

(૧) લોનની મહત્તમ મર્યાદા રૂા. ૫૦,૦૦૦/- સુધી.

(૨) વ્યાજનો વાર્ષિક દર ૪%.

(૩) લોનની રકમ ૯૫% અને લાભાર્થી ફાળો ૫%.

## (૪) નવી સ્વર્ણિમા યોજના (ફક્ત મહિલાઓ માટે) :

લોનની મહત્તમ મર્યાદા રૂા. ૧,૦૦,૦૦૦/- મહિલાઓ માટે સ્વમાનભેર સ્વરોજગારી મેળવી આર્થિક ઉત્કર્ષ સાધવા અંગે પોતાની પસંદગી મુજબનો ધંધો / વ્યવસાય કરી શકશે.

- **મુખ્ય લાક્ષણિકતાઓ :**

(૧) લોનની મહત્તમ મર્યાદા રૂા. ૧ લાખ સુધી.

(૨) વ્યાજનો વાર્ષિક દર ૫%.

(૩) લોનની રકમ ૯૫% અને લાભાર્થી ફાળો ૫%.

## (૫) સક્ષમ યોજના :

આ યોજના હેઠળ પછાત વર્ગ જાતિના ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા યુવક / યુવતી કે જેઓ દાકતરી, નર્સિંગ હોમ, ફિઝિયોથેરાપી, ક્લિનીક, આર્કિટેક, સોફ્ટવેર / હાર્ડવેર, ઓટોમોબાઈલ્સ સહિતના ઈજનેરી, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કોસ્ટ, એકાઉન્ટન્ટ વિગેરે ક્ષેત્રમાં ઉચ્ચ વ્યવસાયિક શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય અને તેમને પોતાની પ્રેકટીસ શરૂ કરવા માંગતા હોય તેઓને લોન ધિરાણ.

- **મુખ્ય લાક્ષણિકતાઓ :**

(૧) લોનની મહત્તમ મર્યાદા રૂા. ૧૦ લાખ.

(૨) રૂા. ૫ લાખની રકમ સુધી વ્યાજનો વાર્ષિક દર ૬% અને તેથી વધુ રકમ માટે ૭%.

(૩) લોનની રકમ ૮૫%, સમાન ફાળો ૧૦% અને ૫% લાભાર્થી ફાળો.

## (૬) ઉચ્ચ શિક્ષણ લોન યોજના (ન્યુ આકાંક્ષા યોજના) :

- સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ઉચ્ચ વ્યવસાયિક / ટેકનિકલ / તબીબી અભ્યાસક્રમોમાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને મહત્તમ રૂા. ૧૦ લાખની મર્યાદામાં લોન.
- વિદ્યાર્થીએ સરકારી યા સરકાર માન્ય સંસ્થા / AICTE, UGC, માન્ય એન્જીનિયરીંગ / એમ.સી.એ. / એમ.બી.એ. મેડીકલ, ડેન્ટલ, ફાર્મસી, હોટલ મેનેજમેન્ટ, સી.એ. આઈ.સી.ડબલ્યુ.એ. કે તે કક્ષાના ઉચ્ચ વ્યવસાયિક / ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા હોવા જોઈએ.
- ડીપ્લોમા અભ્યાસક્રમ માટે તેમજ મેનેજમેન્ટ ક્વોટોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી લોન માટે પાત્ર નથી.
- કોલેજની સત્ર ફી / ટ્યુશન ફી અને હોસ્ટેલ ફી, નિયત માપદંડની મર્યાદામાં મળવાપાત્ર છે.

### અન્ય બાબતો :

(૧) વાર્ષિક રૂા. ૨.૫૦ લાખની મર્યાદામાં મહત્તમ રૂા. ૧૦ લાખ સુધીની યોજના.

(૨) વ્યાજનો દર વિદ્યાર્થીની માટે વાર્ષિક ૩.૫% અને વિદ્યાર્થી માટે વાર્ષિક ૪%.

(૩) લોનની રકમ ૯૦%, સમાન ફાળો ૫% અને ૫% લાભાર્થી ફાળો.

(૪) લોનના હપ્તાની ચુકવણીની લાભાર્થીએ અભ્યાસક્રમ પૂરો થયેથી ૬ માસ પછી અથવા નોકરી / વ્યવસાય શરૂ કરે તે બેમાંથી જે વહેલું હોય ત્યારથી કરવાની રહેશે.

(૫) વિદેશ અભ્યાસની લોન માટે નિયામક, (વિકસતી જાતિ), બ્લોક નં. ૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો સંપર્ક કરવો.

Y-816-10000-02-2018

પ્રોસેસિંગ અને મુદ્રણઃ સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર